# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14

જા.નં.290-330/ગૂવિ/રજી/લીગલ/જે-2(2014)/2014

તારીખઃ- 19/12/2014

ઃ-<u>વંચાણે લીધાઃ</u>-

1. કાર્યવાહક સમિતિની તા.29/01/2014ની બેઠકનો ઠરાવ-16
2. કાર્યવાહક સમિતિની તા.10/10/2014ની બેઠકનો ઠરાવ-9

## ઃ- જાહેરનામું ઃ-

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-1ના ઠરાવથી વિદ્યાપીઠમાં સ્ત્રીઓ પરની જાતીય સતામણી રોક્વા અંગેના સેલની રચના કરવા અંગે તથા તેના બંધારણના મુસદ્દાને મંજુર કરવા દરખાસ્ત કરતાં કાર્યવાહક સમિતિએ આ સેલની રચના કરવાનું ઠરાવેલ હતું. બંધારણના મુસદ્દા અંગે ઠરાવેલ કે સમાજકાર્ય વિભાગના વડા સુશ્રી આનંદીબેન પટેલ અને સુશ્રી મંદાબહેન આ મુસદ્દો પાકો કરીને સમિતિમાં રજુ કરવો

સુશ્રી આનંદીબહેન પટેલ તથા ટ્રસ્ટી સુશ્રી મંદાબહેન દ્વારા આ સેલના મુસદ્દાને તૈયાર કરીને રજુ કરવામાં આવતાં કાર્યવાહક સમિતિ દ્વારા તેની તા.10/10/2014ની બેઠકમાં આ બાબતે લેવાયેલ નિર્ણયને જાહેર કરવામાં આવે છે.

આથી વિદ્યાપીઠના તમામ વિભાગો/એકમો/કેન્દ્રો/શાળાઓના સેવકો/સેવિકાઓ/વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની જાણ માટે જાહેર કરવામાં આવે છે કે ગૂજરાત વિદ્યાપીઠની તા.10/10/2014ની કાર્યવાહક સમિતિની બેઠકમાં ઠરાવ-9 થી નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે.

"તા.29/01/2014ના રોજ મળેલ કાર્યવાહક સમિતિના ઠરાવ-16 સંદર્ભે સ્ત્રીઓ પરની જાતીય સતામણી રોકવા અંગેના સેલના બંધારણમાં કરેલ સુધારાને માન્ય કરી સ્ત્રીઓપરની જાતીય સતામણી રોકવા અંગેના સેલની રચના કરવા આવે છે."

આ સાથે મહિલા વિકાસ એકમનાં બંધારણની નકલ <u>પરિશિષ્ટ-1</u> સામેલ છે જેમાં આ સેલની રચના અંગેની જોગવાઈ છે તે મુજબ આદરણીય કુલનાયકશ્રી સેલના અધિકારીઓની નિમણૂંક ટૂંક સમયમાં કરશે.

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

<u>નકલ રવાનાઃ</u>-

1. આદરણીય કુલનાયકશ્રીના રહસ્ય સચિવ તરફ.
2. મુખ્ય કાર્યાલયના તમામ વિભાગો તરફ.
3. ગૂજરાત વિદ્યાપીઠના તમામ વિભાગો/એકમો/કેન્દ્રો/શાળાઓ તરફ.

# ગૂજરાત વિદ્યાપીઠ મહિલા વિકાસ એકમનું બંધારણ ગૂજરાત વિદ્યાપીઠ

1. **સ્થાપના અને નામ:-**

ઉચ્ચત્તમ ન્યાયાલયના આદેશ અનુસાર મહિલાઓને કામે રાખનારાઓ, કામના સ્થળનો હવાલો ધરાવતી બીજી સંસ્થાઓએ જાતીય સતામણીના કોઈ પણ પ્રકારની સતામણીના કત્યો થતાં અટકાવવા અથવા ડામવા જોઈએ. તેઓએ તમામ જરૂરી પગલાં લઈને જાતીય સતામણી સહિતની સતામણીના કૃત્યો માટે તેનાં નિવારણ, સમાધાન અથવા તે માટેની કાનૂની કાર્યવાહી માટેની કાર્યરીતિની જોગવાઈ કરવી જોઈશે. મહિલાઓને જાતીય સમાનતા અને ગરિમાપુર્ણ રીતે કામ કરવાનો અને જાતીય સતામણી અથવા દુરાચારથી સલામત અને સંરક્ષિત વાતાવરણ મેળવવાનો અને સ્વાસ્થ્ય સંબંધિત કામગીરી માટેની યોગ્ય સ્થિતિ મેળવવાનો અધિકાર છે. મહિલાઓની જાતીય સતામણી સહિતની સતામણી અટકાવવા માટેનું તંત્ર ઊભું કરવાનું જરૂરી અને ઇષ્ટ છે. આપણી સંસ્થા યુ.જી.સી. મારફત ભારત સરકારનું અનુદાન મેળવે છે. ભારત સરકારે આવી સંસ્થાઓ માટે અલાયદુ એકમ ઉભુ કરવાની સચુનાઓ પણ આપેલ છે.

ઉચ્ચત્તમ ન્યાયાલયના ઉપરોક્ત આદેશો તથા યુ.જી.સી./ભારત સરકારની સુચના અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા મહિલા વિકાસ એકમની રચના કરવામાં આવે છે. ગૂજરાત વિદ્યાપીઠની વિચારધારા, વિદ્યાર્થીઓ, કાર્યકરો, કાર્યપદ્ધતિ જેવી બાબતોને ધ્યાનમાં રાખીને આ એકમ કામગીરી કરશે. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનું શિક્ષણ માત્ર વર્ગખંડમાં નથી થતું પરંતુ તેની તમામ પ્રવૃતિઓ, વૃતિઓ, વર્તનો અને આચરણોથી થાય છે. તેથી મહિલા એકમ એક અલગ વિભાગ, કેન્દ્ર કે પ્રવૃતિ કરતાં વિશેષ તે સમગ્રતામાં વિદ્યાર્થીઓની કેળવણીમાં ગૂંથાયેલ હશે. નિયમ મુજબ આ એકમની રચના કરવી જરૂરી છે અને તેનાથી તત્કાલીન મહિલાઓના પ્રશ્નોને વધારે ઉજાગર કરવા જરૂરી પણ છે.

મહિલા વિકાસ એકમનું નામ ગૂજરાત વિદ્યાપીઠ મહિલા વિકાસ એકમ છે. મહિલા વિકાસ એકમ કહીએ છીએ તેમાં બે ઉદ્દેશો છે. એક, સ્ત્રીઓ પરના જાતીય અત્યાચારો રોકવા અને બીજું, મહિલાઓના વિકાસ માટે ધ્યાન આપવું, તકો પૂરી પાડવી. એ ધ્યાને રાખી, આ એકમની રચનામાં મુખ્ય બે ભાગ કરેલ છે. ભાગ-1 એકમની નીતિ-નિયમો, પ્રક્રિયાઓ અંગે છે. ભાગ-2 મહિલાઓ માટેના વિવિધ કાર્યક્રમો અંગે છે.

2. ગૂજરાત વિદ્યાપીઠની કાર્યવાહક સમતિની તા.10/10/2014ની બેઠકના ઠરાવ નં.9 થી આ બંધારણ પસાર કરેલ છે અને તેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

## વિભાગ-1

### 3. મહિલા વિકાસ એકમનો વ્યાપઃ

ગૂજરાત વિદ્યાપીઠના તમામ વિભાગના હંગામી/કાયમી, બિનશૈક્ષણિક સ્ટાફને આ એકમની જોગવાઈઓ લાગુ પડશે.

### 4. વ્યાખ્યાઃ-

જાતીય સતામણી એટલેઃ ભારતની સુપ્રિમ કોર્ટ દ્વારા ઘોષિત વિશાખા માર્ગદર્શક આદેશ (13ઓગષ્ટ-1997) વિશાખા વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન કેસના અનુસાર લૈંગિક શોષણ/જાતીય સતામણીની પરિભાષા આ મુજબ છે.

પુરુષનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્ત્રી પ્રત્યેનો નીચે મુજબનો વ્યવહાર વર્તન...

1. શારીરિક સંપર્ક અને અડપલાં.
2. જાતીય સુખ માટેની માંગણી અથવા વિનંતી.
3. જાતીય ટિપ્પણી (અશ્લીલતા).
4. અશ્લીલ સાહિત્ય બતાવવું.
5. જાતીય પ્રકારનું હોય તેવું (અશ્લીલ) કોઈ અણછાજતું શારીરિક, શાબ્દિક અથવા બિનશાબ્દિક વર્તન જેવા અણછાજતા જાતીય વર્તનનો સમાવેશ થાય છે. (તે પ્રત્યક્ષ હોય કે ગર્ભિત પ્રકારનું હોય)

### 5. મહિલા વિકાસ એકમની રચનાઃ

આ એકમમાં નીચે પ્રમાણેના સભ્યો રહેશે.

1. અધ્યક્ષા – એકમના અધ્યક્ષા આ વિષયમાં અનુભવી હોય તેવા મહિલા હશે. તેમની નિમણૂંક કુલનાયકશ્રી કરશે.
2. નોડલ ઓફિસર- નોડલ ઓફિસર તરીકે અનુભવી પ્રાધ્યાપક કક્ષાની મહિલાની નિમણૂંક કુલનાયકશ્રી (મેનેજમેન્ટ) કરશે. જેમની કામગીરી નીચે મુજબની રહેશે.
   - એકમ અંગેની વહીવટી જવાબદારી.
   - અધ્યક્ષ જણાવે તે સમિતિના સભ્યોને કેસ તપાસ માટે સોંપાય. સમય મુજબ તપાસ થઈ તે સમિતિ સમક્ષ રિપોર્ટ રજૂ થાય તે જોવું.
   - સમિતિની મિટિંગ બોલાવવી, અધ્યક્ષા સાથે રહીને એજન્ડા નક્કી કરવા, કાર્યવાહી નોંધ તૈયાર કવી.

- સમિતિએ સજા અંગે મેનેજમેન્ટને ભલામણ કરી હોય તો તે મુજબ પગલાં લેવાય તેની દેખરેખ રાખવી.
- એકમના સભ્યોની મુદ્દત પૂરી થતા તેની પુનઃરચના/સભ્યોની પસંદગી અંગે અધ્યક્ષા અને મેનેજન્ટ સાથે રહીને કામગીરી કરવી.

3. એકમમાં બે મહિલા ટ્રસ્ટી સભ્ય તરીકે રહેશે.
4. એક અગ્રગણ્ય મહિલા વિદ્યાપીઠ સિવાયના બહારના આ વિષયના જાણકાર હશે.
5. વિદ્યાપીઠના સાદરા, રાંધેજા અને અમદાવાદના પરિસરમાંથી દરેકમાંથી એક અધ્યાપિકા સભ્ય રહેશે. કુલ-૪ સભ્યો રહેશે. એકમના અધ્યક્ષા તથા સભ્યોની મુદ્દત ત્રણ વર્ષ માટે રહેશે. કુલનાયક ઇચ્છે તો તેને વધુ મુદ્દત માટે ચાલું રાખી શકે.
6. આ ઉપરાંત દરેક પરિસરમાં એક સ્થાનિક સમિતિ રહશે. જેમાં જે અધ્યાપિકા એકમમાં સભ્ય છે તેઓ સ્થાનિક સ્તરની મુખ્ય કામગીરી સંભાળશે અને સ્થાનિક સમિતિમાં ગૃહમાતા, એક અધ્યાપિકા, બે વિદ્યાર્થીની અને એક બિનશૈક્ષણિક સેવિકાબહેન સભ્ય રહેશે જેમનું સભ્યપદ એક વર્ષનું રહેશે.
7. આ એકમની તમામ નિમણૂંકો ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી કરશે.

## 6. મહિલા વિકાસ એકમની બેઠક

1. એકમની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ વખત મળશે.
2. એકમની બેઠક અધ્યક્ષા બોલાવશે.
3. એકમની બેઠકનું કોરમ તેના સભ્યો 1/3 જેટલું રહેશે. જો કોઈ બેઠકમાં કોરમ પુરું ના થાય તો બેઠક અડધો કલાક માટે મોકૂફ રહેશે અને ત્યાર પછી હાજર સભ્યોની મિટિંગ થશે.
4. બેઠક બોલાવવા જરૂરી સુવિધાઓ કાર્યાલય પૂરી પાડશે.

## 7. ફરિયાદ - નોંધણી અને કાર્યપ્રક્રિયા

1. કોઈ પણ મહિલા જાતીય સતામણી અંગેની ફરિયાદ એકમના અધ્યક્ષા, એકમના સભ્ય, સ્થાનિક સમિતિના સભ્યોને લેખિત કે મૌખિક સ્વરૂપે કરી શકે છે.
2. એકમના સભ્ય, સ્થાનિક સમિતિના સભ્યને મળેલી મૌખિક/લેખિત ફરિયાદ એકમના અધ્યક્ષાને તાત્કાલિક મોકલશે.
3. ફરિયાદ પ્રાથમિક તબ્બકે તપાસ કરવા યોગ્ય છે કે કેમ તે અધ્યક્ષા તથા નોડેલ ઓફિસર સાથે મળીને નક્કી કરશે.
4. ફરિયાદની તપાસ કોને સોંપાવી તે અધ્યક્ષા અને નોડેલ ઓફિસર સાથે રહીને નક્કી કરશે, અને સભ્યોને તપાસ માટે જાણ કરશે. આવી દરેક તપાસ સમિતિમાં એકમમાંથી એક સભ્ય હશે અને એક સ્થાનિક સમિતિમાંથી સભ્ય હશે.